

# COVID-19 ની રસીઓ

તમારે જે જાણવાની જરૂર છે | એપ્રિલ ૨૦૨૧

## COVID-19 ની રસીમાં શું છે?

વિવિધ પ્રકાર ની રસી ઉપલબ્ધ છે, બધી રસીઓ આપણને COVID-19 થી બચાવવા માટે આપણા શરીરને શીખવવામાં મદદ કરે છે. રસીઓ આપણા શરીરમાં કોરોનાવાયરસના કણોને સલામત રીતે રજૂ કરે છે. આપણું શરીર આ કણોને ઓળખતું નથી, તેથી તે તેમની સામે રોગપ્રતિકારક પ્રતિભાવ તૈયાર કરે છે. આપણું શરીર આ પ્રતિભાવને યાદ રાખે છે જેથી કરીને જો આપણે ક્યારેય વાયરસનો સંપર્ક કર્યો હોઇ, તો આપણું શરીર ઝડપથી તેની સામે લડી શકે. તમે રસી દ્વારા COVID-19 થી બીમાર ન પડી શકો.

## શું તમારે તમારા ડૉક્ટરની સલાહ લેવી જોઈએ?

તમારે આ રસી વિશે તમારા ડૉક્ટરની સલાહ લેવી જોઈએ, જો:

- તમને એલર્જી છે
- તમને તાવ છે
- તમને રક્તસ્રાવ ડિસઓર્ડર છે અથવા લોહી પાતળું કરવાની દવા પર છો
- તમે ઇમ્યુનોકોમપ્રોમાઇઝ્ડ છો
- તમે ગર્ભવતી છો અથવા ગર્ભવતી થવાના છો
- તમે સ્તનપાન કરાવો છો
- તમને બીજી કોઈ COVID-19 રસી મળી છે
- તમને પ્રથમ ડોઝ પછી તીવ્ર પ્રતિક્રિયા થઈ હોય, તો બીજો ડોઝ લેવાની ભલામણ કરવામાં નહીં આવે

જો તમારી પાસે ડૉક્ટર નથી, તો સ્થાનિક આરોગ્ય કેન્દ્ર શોધવા માટે bit.ly/3bX8Xqh ની મુલાકાત લો

RUTGERS
Institute for Health, Health Care Policy and Aging Research

Robert Wood Johnson University Hospital | RWJBarnabas HEALTH

PRAB

NEW BRUNSWICK AREA NAACP

NBT New Brunswick Tomorrow

*COVID-19* રસી કેવી રીતે કાર્ય કરે છે તે વિશે વધુ પ્રશ્નો છે? ૮૪૮-૯૩૨-૫૮૬૨ અથવા *community@ifh.rutgers.edu* પર સંપર્ક કરો.